

કરદાતાઓએ કાર્યવાહીને ગેરકાયદે ઠેરવવાની માગ કરતી પિટિશન કરી હતી

ઈન્કમટેક્સની કાર્યવાહીને પડકારતી શ્રેણીબદ્ધ પિટિશનો હાઈકોર્ટે ફગાવી દીધી

માત્ર નોંધ પૂરી ન પડાઈ તેટલા કારણોસર કોર્ટ આમાં દખલગીરી કરી ન શકે

। અમદાવાદ ।

ઈન્કમટેક્સ એકટ-૧૯૬૧ની કલમ-૧૫૩(સી)ની કાયદેસરતાને પડકારતી ઢગલાબંધ રિટ અરજીઓમાં ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસની ખંડપીઠે અરજદાર કરદાતાઓને કોઇ પણ પ્રકારની રાહત આપવાનો કે આઈટી ડિપાર્ટમેન્ટની નોટિસ મુદ્દે દરમિયાનગીરી કરવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો. જો કે, હાઈકોર્ટે એસેસમેન્ટ પ્રોસીડીંગ્સ દરમિયાન તમામ વાંધાઓ અને રજૂઆત ઉઠાવવા હાઈકોર્ટે અરજદાર કરદાતાઓને પરવાનગી આપી હતી પરંતુ આઈટી ડિપાર્ટેન્ટની નોટિસને ગેરકાયદે અને રદબાતલ ઠરાવવાની માંગણી ફગાવી દીધી હતી. હાઈકોર્ટ તરફથી કોઈ રાહત નહી મળતાં અરજદાર કરદાતાઓ આ હુકમ સામે સુપ્રીમ કોર્ટમાં જવું હોઈ ત્યાં સુધી ચાર સપ્તાહ માટે હુકમ સ્થગિત કરવાની અરજદાર કરદાતાઓની માંગણી પણ ખંડપીઠે ફગાવી દીધી હતી.

વર્ષ ૨૦૧૪-૧૫ના આકારણી વર્ષ માટે ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ તરફથી આઈટી એકટ-૧૯૬૧ હેઠળ વિવિધ નોટિસો અને હુકમો કરદાતાઓને જારી કરવામાં આવ્યા હતા, જેની કાયદેસરતાને પડકારતી ઢગલાબંધ રિટ અરજીઓ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ થઈ હતી. જેમાં એવો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો કે, જે વ્યકિતના ત્યાં સર્ચ કરાયું તે અને અરજદાર સંબંધિત નિવેદન અરજદારોને પૂરા પાડવામાં આવ્યા નથી અને તેથી કલમ-૧૪૨ હેઠળની નોટિસ જારી કરવાની સમગ્ર પ્રોસીડીંગ્સ જ રદબાતલ ઠરે છે. ઓકટોબર-૨૦૧૯માં અરજદારો વિરૂદ્ધ હાથ ધરાયેલ સર્ચ દરમિયાન કોઇ ગુનાહીત સામગ્રી કે મટિરિયલ્સ મળી આવ્યું નથી. કોઈપણ પ્રકારનું મટિરિયલ્સ મળ્યા વિના આકારણી અધિકારી દ્વારા અરજદારો વિરુદ્ધ પાયાવિહોણા આક્ષેપ કરાયા છે. સર્ચ દરમિયાન જે મટિરિયલ્સ અરજદારોનું નહી હોવા છતાં ડિપાર્ટમેન્ટ યેનકેન પ્રકારે તેઓને તેમાં સંડોવવા માંગે છે. આમ, આઈટી ડિપાર્ટમેન્ટની કાર્યવાહી મનસ્વી, ગેરકાયદે અને અયોગ્ય હોઈ રદ ઠરાવવી જોઈએ અને તેઓને કલમ-૧૫૩(સી) હેઠળની કાર્યવાહી કરતાં અટકાવવા જોઈએ.

જો કે, અરજદારોની રિટ અરજીઓનો વિરોધ કરતાં ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ તરફથી જણાવાયું હતું કે, ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા સર્ચ દરમિયાન જે તે વ્યકિતના ત્યાંથી ત્રાહિત વ્યકિતનું મટિરિયલ્સ પકડાયું હોય તો આઈટી એકટની કલમ-૧૫૩(સી)ની જોગવાઈ લાગુ પડી શકે અને જો એ જ વ્યકિતના ત્યાંથી સામગ્રી મળી હોય તો કલમ-૧૫૩(એ)ની જોગવાઈ લાગુ પડે. પ્રસ્તુત કેસમાં ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા હાથ ધરાયેલી પ્રક્રિયામાં કાયદાનુસાર જ કાર્યવાહી કરવામાં આવી છે અને તેથી તેમાં અદાલતી દખલગીરી યોગ્ય નહી કહેવાય. પક્ષકારોને સાંભળ્યા બાદ હાઈકોર્ટે જણાવ્યું હતું કે, માત્ર સંબંધિત નોંધ પૂરી નહી પડાઈ હોવાના ગ્રાઉન્ડ પર દાખલ કરાયેલા આ કેસમાં હાલના તબક્કે કોઈ દરમિયાનગીરી કરવાનું અદાલતને ન્યાયોચિત જણાતું નથી.

મિચેલ સ્ટાર્કે ડેનિલ લિલીની ૩૫૫ વિકેટનો ૪૦ વર્ષ જૂનો રેકોર્ડ બ્રેક કર્યો

ઓસ્ટ્રેલિયા તરફથી સર્વાધિક વિકેટના મામલે ચોથા ક્રમે પહોંચ્યો

। ક્રાઇસ્ટ ચર્ચ ।

ન્યૂઝીલેન્ડ સામેની બીજી ટેસ્ટ મેચના પ્રથમ દિવસે કિવિ ટીમના ત્રણ બેટ્સમેનોને આઉટ કરીને ઓસ્ટ્રેલિયન પેસ બોલર મિચેલ સ્ટાર્કે ડેનિલ લિલીના ૪૦ વર્ષ જૂના રેકોર્ડને તોડી નાખ્યો હતો. તે હવે ઓસ્ટ્રેલિયા તરફથી ટેસ્ટ ક્રિકેટમાં સર્વાધિક વિકેટ ઝડપવાના મામલે ચોથા ક્રમે પહોંચી ગયો છે. સ્ટાર્કે ૫૯ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી. તેણે ઓસ્ટ્રેલિયા તરફથી ૮૯ ટેસ્ટની ૧૬૯ ઈનિંગ્સમાં ૩૫૭ વિકેટ ઝડપી હતી. ડેનિલ લિલીએ ૭૦ ટેસ્ટની ૧૩૨ ઈનિંગ્સમાં ૩૫૫ વિકેટ પોતાના નામે કરી હતી. લિલીએ ઓસ્ટ્રેલિયન ટીમ માટે છેલ્લી ટેસ્ટ ૧૯૮૪માં રમી હતી અને તેનું બેસ્ટ પ્રદર્શન ૮૩ રનમાં સાત વિકેટનું પણ રહ્યું હતું. ટેસ્ટમાં લિલીએ ૨૩ વખત ઈનિંગમાં પાંચ વિકેટ ઝડપી હતી.

સ્ટાર્કનું બેસ્ટ પ્રદર્શન ૫૦ રનમાં છ વિકેટનું રહ્યું છે. સ્ટાર્કે કારકિર્દીમાં ૨૦ વખત ફોર વિકેટ હોલ તથા ૧૨ વખત પાંચ વિકેટ ઝડપી હતી. ઓસ્ટ્રેલિયા તરફથી ટેસ્ટમાં સર્વાધિક વિકેટ શેન વોર્નના (૭૦૮) નામે છે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિને દેશની ગૃહિણીઓને વડાપ્રધાનની ભેટ

LPG સિલિન્ડરના ભાવમાં રૂ.૧૦૦નો ઘટાડો

આ નિર્ણયથી નારીશક્તિનું જીવન આસાન થવા સાથે કરોડો પરિવારોનો આર્થિક બોજ હળવો થશે

। નવીદિલ્હી ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આંતરરાષ્ટ્રીય મહિલા દિને દેશની માતાઓ, બહેનો અને દીકરીઓને મોટી ભેટ આપતા એલપીજી (રાંધણગેસ) સિલિન્ડરના ભાવમાં ૧૦૦ રૂપિયાના ઘટાડાની જાહેરાત કરી હતી. તેમણે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે મહિલા દિવસના અવસર પર આજે અમે એલપીજી સિલિન્ડરના ભાવમાં ૧૦૦ રૂપિયા ઘટાડવાનો મોટો નિર્ણય લીધો છે, જેનાથી નારીશક્તિનું જીવન આસાન થવાની સાથે જ કરોડો પરિવારોનો આર્થિક બોજ પણ હળવો થશે. આ પગલું પર્યાવરણ સંરક્ષણમાં પણ મદદગાર બનશે, જેનાથી સમગ્ર પરિવારનું સ્વાસ્થ્ય પણ સારું રહેશે. રાંધણગેસ વધુ સસ્તો બનાવવા પાછળનો અમારો હેતુ પરિવારોની સુખાકારીની દિશામાં કામ કરતા રહેવાનો અને સ્વસ્થ પર્યાવરણ સુનિશ્ચિત કરવાનો પણ છે, જે મહિલાઓને સશક્ત બનાવવાની અને તેમના માટે 'ઈઝ ઓફ લિવિંગ' સુનિશ્ચિત કરવાની અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે. સૂત્રોના જણાવ્યાનુસાર શુક્રવારે મધ્યરાત્રિથી રાજધાની દિલ્હીમાં સબસિડી વગરના ૧૪.૨ કિલોના એલપીજી સિલિન્ડરનો ભાવ ૯૦૩ રૂપિયાથી ઘટીને ૮૦૩ રૂપિયા થઈ જશે. રાંધણગેસના ભાવમાં આ ઘટાડો આંતરરાષ્ટ્રીય ભાવમાં ઘટાડાને પગલે શક્ય બન્યો છે. જોકે પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર નથી કરાયા. પેટ્રોલ-ડીઝલના ભાવ રેકોર્ડ ૨૩ મહિનાથી સ્થિર છે.

૬ મહિનામાં બીજી વખત રાંધણગેસ સસ્તો થયો

રાંધણગેસના ભાવમાં છેલ્લા ૬ મહિનામાં આ બીજી વખત ઘટાડો થયો છે. આ અગાઉ મધ્યપ્રદેશ અને રાજસ્થાન સહિત પાંચ રાજ્યમાં વિધાનસભા ચૂંટણી પૂર્વે ઓગસ્ટ, ૨૦૨૩ના અંતમાં રાંધણગેસના ભાવમાં પ્રતિ સિલિન્ડર ૨૦૦ રૂપિયાનો ઘટાડો કરાયો હતો.

સ્ટોક્સે નવ મહિના બાદ બોલિંગ કરી, પ્રથમ બોલે જ રોહિતને બોલ્ડ કર્યો

ધર્મશાલા : ભારત સામેની અંતિમ ટેસ્ટમાં ઇંગ્લેન્ડની ખરાબ હાલત જોઇને સુકાની બેન સ્ટોક્સે આખરે બોલિંગ કરી હતી અને તેણે પ્રથમ બોલે જ રોહિતને બોલ્ડ કર્યો હતો. ઘૂંટણની ઈજામાંથી મુક્ત થયા બાદ સ્ટોક્સે નવ મહિના બાદ પ્રથમ વખત બોલિંગ કરી હતી. પાંચમી અને અંતિમ ટેસ્ટ પહેલાં ઇંગ્લેન્ડના ટીમ મેનેજમેન્ટે સંકેત આપ્યો હતો કે જરૂર પડશે તો સ્ટોક્સ બોલિંગ કરશે. સ્ટોક્સ ગુડ લેન્થ ઉપર બોલ નાખ્યો હતો જે પિચ પડ્યા બાદ એંગલની સાથે ઓફ સ્ટમ્પની બહાર નીકળ્યો હતો. રોહિતે બેટ આગળ કર્યું હતું પરંતુ તેનું ફૂટવર્ક નહોતું. બોલ બેટની પાસેથી પસાર થઈને ઓફ સ્ટમ્પની ઉપરના ભાગે વાગ્યો હતો.

ભૂપેશ બઘેલને રાજનાંદગાવ, થરુરને તિરુવનંતપુરમ બેઠક પરથી ટિકિટ

કોંગ્રેસે ૩૯ ઉમેદવારની પહેલી યાદી જાહેર કરી, રાહુલ ગાંધી વાયનાડથી લડશે

। નવી દિલ્હી ।

આગામી લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસે શુક્રવારે પોતાના ઉમેદવારોની પહેલી યાદી બહાર પાડી છે. યાદીમાં રાહુલ ગાંધી, ભૂપેશ બઘેલ, શશિ થરૂર સહિત ૩૯ ઉમેદવારના નામ સામેલ છે. રાહુલ ગાંધી કેરળની વાયનાડ બેઠક પરથી લડશે. યુપીની અમેઠી બેઠક પર હાલ સસ્પેન્સ છે. તે સિવાય છત્તીસગઢના પૂર્વ સીએમ ભૂપેશ બઘેલને રાજનાંદગાવ બેઠક પરથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. જ્યારે શશિ થરૂરને તિરુવનંતપુરમ બેઠક પરથી ઉતારવામાં આવ્યા છે. કોંગ્રેસ નેતા કેસી વેણુગોપાલે પ્રેસ કોન્ફરન્સ કરીને ઉમેદવારોની યાદી જાહેર કરી હતી. પાર્ટીની પહેલી યાદીમાં ૧૫ જનરલ, ૨૪ એસસી અને એસટી તેમજ ઓબીસી અને લઘુમતિ ઉમેદવાર સામેલ છે. યાદીમાં ૧૨ ઉમેદવાર એવા છે જેમની વય ૫૦ વર્ષ કરતાં ઓછી છે. કોંગ્રેસે કેરળ, છત્તીસગઢ, તેલંગાણા, કર્ણાટકની કેટલીક બેઠકો પર ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. ઉત્તરપ્રદેશની સીટો પર ઉમેદવારોના નામી જાહેરાત કરવામાં આવી નથી. યુપીમાં પાર્ટી સમાજવાદી પાર્ટી સાથ ગઠબંધન કરીને લડી રહી છે. સપાએ કોંગ્રેસને ૧૭ બેઠક આપી છે. જેમાં અમેઠી, રાયબરેલી ઉપરાંત પ્રયાગરાજ, વારાણસી, મહારાજગંજ, દેવરિયા, સીતાપુર સહિતની બેઠક સામેલ છે.

૩૯માંથી ૧૫ ઉમેદવાર જનરલ કેટેગરીના

લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસના ઉમેદવારોની આ પહેલી યાદીમાં ૧૫ ઉમેદવાર જનરલ કેટેગરીના છે જ્યારે ૨૪ ઉમેદવાર એસસી, એસટી, ઓબીસી કે લઘુમતી સમુદાયના છે. કોંગ્રેસે કર્ણાટકના નાયબ મુખ્યપ્રધાન ડીકે શિવકુમારના ભાઇ ડીકે સુરેશને પણ ચૂંટણીમેદાનમાં ઉતારતા બેંગલુરુ રૂરલ લોકસભા બેઠક પરથી ટિકિટ આપી છે.

હેઝલવૂડની પાંચ વિકેટ, ન્યૂઝીલેન્ડનો પ્રથમ દાવ ૧૬૨ રનમાં સમેટાયો

બીજી ટેસ્ટ : ટોમ લાથામ ૩૮, સ્ટાર્કની ત્રણ વિકેટ, ઓસ્ટ્રેલિયા ચાર વિકેટે ૧૨૪

ક્રાઈસ્ટ ચર્ચ : પેસ બોલર જોશ હેઝલવૂડની ઘાતક બોલિંગની મદદથી ઓસ્ટ્રેલિયાએ બીજી ટેસ્ટના પ્રથમ દિવસે યજમાન ન્યૂઝીલેન્ડને પ્રથમ દાવમાં ૧૬૨ રનના સ્કોરે ઓલઆઉટ કરી દીધી હતી. ન્યૂઝીલેન્ડના સુકાની ટિમ સાઉથી અને કેન વિલિયમ્સનની આ ૧૦૦મી ટેસ્ટ છે. પ્રથમ દિવસની રમતના અંતે ઓસ્ટ્રેલિયાએ ચાર વિકેટે ૧૨૪ રન બનાવી લીધા હતા અને તે હજુ ૩૮ રન પાછળ છે. સ્ટમ્પના સમયે લાબુશેન ૮૦ બોલમાં ૪૫ તથા નાથાન લાયન એક રન બનાવીને રમી રહ્યા હતા. મેટ હેનરીએ ૩૯ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી.

ન્યૂઝીલેન્ડની ઈનિંગમાં સર્વાધિક રન ઓપનર ટોમ લાથમે ૩૮ રન બનાવ્યા હતા. મેટ હેનરીએ ૨૯ તથા સાઉથીએ ૨૬ રનનું યોગદાન આપ્યું હતું. વિલિયમ્સન તેની વિશેષ ટેસ્ટમાં માત્ર ૧૭ રન બનાવીને આઉટ થયો હતો. તેના આઉટ થવાની સાથે ન્યૂઝીલેન્ડનો સ્કોર પાંચ વિકેટે ૮૪ રનનો થયો હતો. હેઝલવૂડે ૩૧ રનમાં પાંચ તથા મિચેલ સ્ટાર્કે ૫૯ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી.

સ્ટેટ કન્ઝ્યુમર્સ ફેડરેશનમાં નરહરિ અમીન બિનહરીફ

। અમદાવાદ ।

શહેરની ધી ગુજરાત સ્ટેટ કો.આ કન્ઝ્યુમર્સ ફેડરેશન લી.ની ચૂંટણીમાં પાંચ વર્ષ માટે અ વર્ગ અને બ વર્ગના તમામ ડિરેક્ટરો બિનહરિફ ચૂંટાયા છે. જેમાં ફેડરેશનના ચેરમેન તરીકે રાજયસભાના સાંસદ નરહરિ અમીન તેમજ વાઈસ ચેરમેન તરીકે પોપટલાલ શંકરલાલ પટેલ (મહેસાણા) બિનહરિફ ચૂંટાયા છે. અ વર્ગના ડિરેક્ટર તરીકે નરહરિ અમીન-અમદાવાદ, પોપટલાલ પટેલ- મહેસાણા, પરેશભાઈ દાણી-વાસણા, સામત ઓડેદરા-પોરબંદર, અંકિત શાહ-ગોધરા, વિરેન્દ્ર આચાર્ય-સુરેન્દ્રનગર, ગીરીષ પટેલ-આણંદ, ડો. સમીર શાહ-ભાવનગર, જેઠા પટેલ-સાબરકાંઠા, યોગેશ ઉપાધ્યાય-આણંદ અને બ વર્ગના ડિરેક્ટરોમાં મહેશ પટેલ-મહુધા અને પન્ના ચૌહાણ-કલોલનો સમાવેશ થાય છે.

રાજ્યની ૧૫ મહિલા MLAને વધુ સવા કરોડની ગ્રાન્ટ અપાશે

ગાંધીનગર : રાજ્યમાં દર વર્ષે વિધાનસભાના બજેટસત્ર દરમિયાન આવતા આઠમી માર્ચે આવતા વિશ્વ મહિલા દિન નિમિત્તે મહિલા ધારાસભ્યોને વધુ ટોકન ગ્રાન્ટ આપવાનો સિલસિલો છે. આ વખતે લોકસભાની ચૂંટણીને કારણે બજેટસત્ર ફેબ્રુઆરીમાં યોજાઈ ગયું, પરંતુ મુખ્યમંત્રીએ મહિલા ધારાસભ્યોને ટોકન વધુ ગ્રાન્ટ આપવાની પરંપરા જાળવી છે. એમણે શુક્રવારે મહિલા દિન નિમિત્તે તમામ મહિલા ધારાસભ્યોને તેમના વિસ્તારના રસ્તા માટે વધુ સવા કરોડની ગ્રાન્ટ આપવાની જાહેરાત કરી છે. આનો લાભ ભાજપની ૧૪ મહિલા ધારાસભ્યો તથા કોંગ્રેસની ૧ મહિલા ધારાસભ્યને મળશે. મહિલા ધારાસભ્યોને આ વધુ સવા કરોડની ગ્રાન્ટ ૨૦૨૪-૨૫ના નવા નાણાકીય વર્ષ માટે અપાશે.

શિક્ષણ બોર્ડની ચૂંટણી માટે તૈયારી શરૂ, મતદાર યાદી માટે કાર્યવાહી હાથ ધરી

અમદાવાદ : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના ૯ સભ્યોની એક વર્ષની મુદત પૂર્ણ થાય એ પહેલાં બોર્ડ દ્વારા ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. શિક્ષણ બોર્ડ દ્વારા તમામ જિલ્લાના ડીઈઓને સુધારેલી મતદાર યાદી તૈયાર કરવાની સૂચના આપવામાં આવી છે. આગામી ૧ જૂન-૨૦૨૪ની સ્થિતિએ મતદાર યાદી તૈયાર કરવાનું જણાવ્યું છે. તમામ જિલ્લાની મતદાર યાદી ૨૦ એપ્રિલ સુધી બોર્ડને મોકલી દેવાની રહેશે. વાલી મંડળની ચૂંટણી માટેની મતદાર યાદી ૧૦ જુલાઈ સુધીમાં સુપરત કરવાની રહેશે. રાજ્યની ૧૮ હજાર જેટલી શાળાઓમાં ૧ લાખ જેટલા મતદારો આ ચૂંટણીમા મતદાન કરશે.

ટ્રકમાં કાર ટકરાતા એકનું મોત

અમદાવાદ : વૈષ્ણોદેવી સર્કલથી ગોતાબ્રિજ તરફ જવાના રોડ પર રસ્તાની સાઈડમાં બંધ પડેલ હાલતમાં આઈશર ટ્રક પડી હતી. તે સમયે પૂરઝડપે આવી રહેલ કાર ટ્રકની પાછળ અથડાતા કારચાલક ઈજાગ્રસ્ત થયો હતો અને બાજુમાં બેસેલ વિજય રબારીનુંમોત નિપજ્યુ હતુ.

પુનરાગમન કરવાની સાથે પ્રથમ મેચમાં જ વિનસ વિલિયમ્સન હારી

ઈન્ડિયન વેલ્સ : છેલ્લા છ મહિનામાં પ્રથમ વખત ટૂર ટેનિસમાં રમી રહેલી અમેરિકાની અનુભવી ખેલાડી વિનસ વિલિયમ્સ બીએનપી પારિબાસ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટના પ્રથમ રાઉન્ડમાં જ ક્વોલિફાયર નાઓ હિબીનો સામે ૬-૨, ૩-૬, ૦-૬થી હારી ગઈ હતી.

ગયા વર્ષે ઓગસ્ટમાં યુએસ ઓપનના પ્રથમ રાઉન્ડમાં હાર્યા બાદ વિનસ પ્રથમ વખથ ટેનિસ કોર્ટ ઉપર ઉતરી હતી. તે હવે ટોપ-૪૫૦ ખેલાડીઓમાં પણ નથી. ત્રણ વખતની ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયન નાઓમી ઓસાકાએ ક્વોલિફાયર સારા ઇરાનીને ૬-૩, ૬-૧થી હરાવી હતી. મેન્સ સિંગલ્સમાં ત્રણ વખતના ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયન સ્ટેનિસ્લાસ વાવરિંકાએ ૬૩મો ક્રમાંક ધરાવતા થોમસ મચાકને ૭-૬, ૪-૬, ૬-૨થી હરાવીને પોતાનું અભિયાન આગળ વધાર્યું હતું.

CA ફાઉન્ડેશન અને ઈન્ટરમીડિએટની પરીક્ષા હવે વર્ષમાં ત્રણ વખત લેવાશે

। અમદાવાદ ।

ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા (ICAI) દ્વારા CA ફાઉન્ડેશન અને ઈન્ટરમીડિએટની પરીક્ષા હવે વર્ષમાં ત્રણ વખત લેવામાં આવશે. CA બનવા માટેની પ્રથમ પરીક્ષા અને બીજા તબક્કાની પરીક્ષા માટે લેવાયેલ નિર્ણય અંગેની ICAIના એક સભ્ય દ્વારા જાહેરાત કરવામાં આવી છે. ફાઈનલ પરીક્ષામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

ધોરણ.૧૨નો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ એટલે કે, CA બનવા માટે વિદ્યાર્થીઓએ પ્રથમ ફાઉન્ડેશનની પરીક્ષા આપવાની હોય છે. એ પછી ઈન્ટરમીડિએટ અને છેલ્લે ફાઈનલની પરીક્ષા લેવામાં આવતી હોય છે. ધોરણ.૧૨ની પરીક્ષા પાસ કર્યા બાદ વિદ્યાર્થીઓ ફાઉન્ડેશનની પરીક્ષા આપી શકે છે. ફાઉન્ડેશન પરીક્ષા પાસ કર્યા બાદ બીજા તબક્કામાં ઈન્ટરમીડિએટની પરીક્ષા આપવાની હોય છે. ઈન્ટરમીડિએટમાં ૪-૪ વિષયના કુલ બે સમૂહ હોય છે. ફાઉન્ડેશન પાસ કર્યા બાદ જ વિદ્યાર્થી ઈન્ટરમીડિએટ કોર્સનું ફોર્મ ભરી શકે છે. ઈન્ટરમીડિએટ બાદ સીએ ફાઈનલની પરીક્ષા હોય છે, જે સીએ બનવા માટેનો છેલ્લો તબક્કો હોય છે. અત્યાર સુધીમાં ફાઉન્ડેશન અને ઈન્ટરમીડિએટની પરીક્ષા વર્ષમાં બે વખત લેવામાં આવતી હતી, હવે વિદ્યાર્થીઓને એક જ વર્ષમાં ત્રણ વખત પરીક્ષા આપવાની તક પ્રાપ્ત થશે. ICAIના સભ્ય ધીરજ ખંડેલવાલ દ્વારા ટ્વીટ કરવામાં આવ્યું છે કે, સીએ ફાઉન્ડેશન અને સીએ ઈન્ટરમીડિએટની વર્ષમાં ત્રણ વખત પરીક્ષા લેવામાં આવશે. વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. પરીક્ષાને લગતી અન્ય વિગતો આગામી ટૂંક સમયમાં સત્તાવાર વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે.

શ્રદ્ધાંજલી

એક દિવસ હતો જ્યારે અમે બોબીને ઘરે લઈને આવ્યાતાં, ત્યારથી લઈને અત્યાર સુધીનો સમય ક્યાં જતો રહીયો એ ખબરના પડી. અમને એક અદ્‌ભૂત બોબી મળ્યું હતું. એના વિનાનું જીવન જીવવું મુશ્કેલ છે, એની છબી આખા ઘરના ખૂણા ખૂણામાં છે. બોબી સાથેનું બંધન એટલું જ સ્થાયી છે જેટલા આ પૃથ્વીના સબંધો ક્યારેય ના કરી શકે. જો દરેક વ્યકિત પાસે બાળકની જેમ બિનશરતી પ્રેમ કરવાની ક્ષમતા હોય તો વિશ્વ એક સુંદર સ્થળ હશે.

સ્વ. બોબી
જન્મ તા. ૦૧-૦૫-૨૦૧૦
સ્વ. તા. ૦૮-૦૩-૨૦૨૪

શિવદાશભાઈ વિશ્વકર્મા
અંબલી શિવદાશભાઈ વિશ્વકર્મા
વિજ્ઞું શિવદાશભાઈ વિશ્વકર્મા
વિધિયા શિવદાશભાઈ વિશ્વકર્મા

ઇ-ટેન્ડર નોટીસ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ

સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે સને.૨૦૨૪-૨૫ના વર્ષ માટે (એન) કોડ સોલ્યુશન મારફતે ઇલેક્ટ્રીક, ઇલેક્ટ્રોનિક્સ તથા રેફ્રીજરેશન સ્પેર પાર્ટસ આઇટમોના સપ્લાય ની કામગીરી માટે રસ ધરાવતી પાર્ટીઓ/એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવાનું ઈ-ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

- ઈ-ટેન્ડર ઓનલાઈન ભરવાની તા.૧૧/૦૩/૨૦૨૪ થી તા.૩૧/૦૩/૨૦૨૪ સુધી.
- પ્રિ-બીડ મીટીંગ તા.૨૨/૦૩/૨૦૨૪ ના રોજ ૩-૦૦ કલાકે, ડી-૨, સમીતી ખંડ ખાતે રાખેલ છે.
- ભરેલ ટેન્ડરના ડોક્યુમેન્ટ જમા કરવાની છેલ્લી તા.૦૨/૦૪/૨૦૨૪ ના રોજ સાંજના ૫.૦૦ સુધી સીલ બંધ કવરમાં ફક્ત ૨.જી.પોસ્ટ એ.ડી/સ્પિડ પોસ્ટ દ્વારા તબીબી અધિક્ષકશ્રીની કચેરી,સિવિલ હોસ્પિટલ,અમદાવાદની રજીસ્ટ્રી શાખામાં મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. આ અંગેની વધુ વિગતો https://tender.nprocure.com વેબસાઈટ પર જોઈ ભરી શકાશે.

તબીબી અધિક્ષક
સિવિલ હોસ્પિટલ,અમદાવાદ

(ક્રમાંક/સંમાનિ/અમદ/૧૭૯૩/૨૦૨૪)

Krantiguru Shyamji Krishna Verma
KACHCHH UNIVERSITY

Krantiguru Shyamji Krishna Verma Kachchh University invites Applications' for the following regular Teaching posts in various departments of different faculties as per the UGC REGULATIONS 2018, THE GUJARAT PUBLIC UNIVERSITIES ACT 2023 and the Statutes under the act.

No.	Name of the Subject / Department	Name of the Post	No. of Post	Category
01	Earth & Environmental Science	Professor	01	EWS
	Geology	Assistant Professor	01	SC
	Environmental Science	Assistant Professor	01	OPEN
02	Chemistry	Professor	01	SEBC
		Associate Professor	01	ST
		Assistant Professor	01	OPEN
03	Commerce	Assistant Professor	02	1-SEBC 1-OPEN
	Management	Assistant Professor	01	1-ST
04	Education	Associate Professor	01	SC
		Assistant Professor	01	OPEN
05	Sociology	Professor	01	ST
		Assistant Professor	01	OPEN
06	Psychology	Professor	01	SEBC
		Assistant Professor	02	1-SEBC 1-ST
07	Economics	Assistant Professor	03	1-SEBC 1-ST 1-OPEN
08	English	Assistant Professor	01	1-SEBC
09	Gujarati	Professor	01	OPEN
		Assistant Professor	03	1-EWS 2-SEBC
10	Sanskrit	Assistant Professor	01	1-SEBC
11	Social Work	Assistant Professor	03	1-SEBC 1-EWS 1-OPEN
	Public Administration	Assistant Professor	01	SC
12	History/ Archaeology	Assistant Professor	03	2-SEBC 1-SC
13	Law	Assistant Professor	02	1-PH 1-SC
14	Computer Science	Assistant Professor	04	1-SEBC 1-OPEN 1-SC 1-EWS

Application from along with details of essential qualifications, experience, pay scale, general terms and conditions etc. can be downloaded from the University website http://www.kskvku.ac.in The duly filled application in 05 (Five) copies with required testimonials should reach personally / RPAD to the "Registrar, K.S.K.V. Kachchh University, Bhuj - 370001" on or before Date : 10/04/2024.
Separate application is required for each post; otherwise the application form will be liable to be rejected. A DD of Rs. 1500/- (Rs. 750/- in case of SC/ST/PH candidate) (non refundable) drawn in favour of "The Registrar, K.S.K.V. Kachchh University, Bhuj", payable at Bhuj should be attached with the application for each post.

* (Those who have a applied earlier for the said post they have to apply again)

DATE : 08/03/2024 (DDI-KUTCH-1208-2023/24) REGISTRAR

ભારત સરકાર
રાજકુમારી અમૃતકૌર નર્સિંગ મહાવિદ્યાલય
લાજપતનગર, મૂલચંદ મેટ્રો સ્ટેશન પાસે,
નવી દિલ્હી – ૧૧૦૦૨૪, ટેલિફોન : ૦૧૧-૨૬૪૩૬૭૮૮, ૨૬૪૩૫૨૭૦ ઈ-મેલ – principal-rakcon@gov.in

પ્રવેશ સૂચના

એમ.એસસી. નર્સિંગ અભ્યાસક્રમ (૨૦૨૪-૨૫) (દિલ્હી વિશ્વવિદ્યાલય દ્વારા માન્યતા પ્રાપ્ત)

એમ.એસસી. નર્સિંગ અભ્યાસક્રમ (૨૦૨૪-૨૦૨૫) માટે અરજીપત્રો આમંત્રિત કરવામાં આવે છે. નિર્ધારિત અરજીપત્ર અને વિવરણ પત્રિકા મહાવિદ્યાલયની વેબસાઇટ : (www.rakcon.com) પરથી ડાઉનલોડ કરી શકાય છે અને રૂપિયા ૧૦૦૦/– નો બેન્ક ડ્રાફ્ટ જે "Principal, Rajkumari Amrit Kaur Collage of Nursing"ની તરફેણમાં હોય, સાથે ૧૮.૦૩.૨૦૨૪થી ૧૯.૦૪.૨૦૨૪ના રોજ સાંજે ૫.૦૦ કલાક સુધી જમા કરી શકાશે. અરજીપત્રો તમામ ચાલુ દિવસોએ એટલે કે સોમવારથી શુક્રવાર, રાજપત્ર મુજબની રજા સિવાય, સવારના ૧૦.૦૦ કલાક થી બપોરના ૫.૦૦ કલાક સુધી જમા કરવામાં આવશે.

પ્રવેશ બાબતે અપેક્ષાઓ

ઉમેદવાર ૫૫% સફળ ગુણ સાથે દિલ્હી વિશ્વવિદ્યાલયમાંથી બી.એસસી. (ઓનર્સ) પરીક્ષા અથવા તેની સમકક્ષ માન્યતા પ્રાપ્ત વિશ્વવિદ્યાલયમાંથી બી.એસસી. નર્સિંગ / પોસ્ટ બેઝિક બી.એસસી. નર્સિંગ પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ તથા કોઈ સંસ્થા / વિશેષ અધ્યયન સંસ્થા કે જનસ્વાસ્થ્ય એજન્સીમાંથી નર્સિંગમાં એક વર્ષનો અનુભવ હોવો જોઈએ. અનુભવની ગણતરી તા. ૧૯ એપ્રિલ, ૨૦૨૪ સુધી માનવામાં આવશે. તારીખ ૨૬ મે, ૨૦૨૪ના રોજ ૧૦.૦૦ કલાકે પસંદગી પરીક્ષા થશે.

CBC 17149/12/0001/2324

ફોર્મ જી
વદરાજ સિમેન્ટ લિમિટેડ
માટે અભિરુચિની અભિવ્યક્તિ માટે આમંત્રણ
સુરત અને કચ્છ, ગુજરાત ખાતે સિમેન્ટ ઉદ્યોગ ક્ષેત્રે કાર્યરત
(ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈન્સોલ્વન્સી રિઝોલ્યૂશન પ્રોસેસ ફોર કોર્પોરેટ પર્સન્સ) નિયમનો, ૨૦૧૬ના નિયમન ૩૬એ(૧) હેઠળ)

	સંબંધિત વિગતો	
૧	કોર્પોરેટ ડેબ્ટરનું નામ પાન/સીઆઈએન/એલએલપી નં. સાથે	વદરાજ સિમેન્ટ લિમિટેડ સીઆઈએન : U36941MH1996PLC185707
૨	રજિસ્ટર થયેલ ઓફિસનું સરનામું*	ત્રીજો માળ, લોઇડ્ઝ સેન્ટર પોઇન્ટ, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ મુંબઈ– ૪૦૦૦૨૫, મહારાષ્ટ્ર, ભારત*
૩	વેબસાઈટનું યુઆરએલ	https://vadrajcementcirp.com/
૪	જ્યાં મોટા ભાગની ફિક્સ્ડ અસ્કામતો છે તે સ્થળની વિગત	ગુજરાતના સુરત અને કચ્છ ખાતે આવેલ કોર્પોરેટ દેવાદારના ઉત્પાદન એકમો ખાતે અસ્કામતો આવેલ છે.
૫	મુખ્ય પ્રોડક્ટ્સ/સેવાઓની સ્થાપિત ક્ષમતા	કંપની આશરે ૧૦,૦૦૦ ટીપીડી ક્લિન્કર યુનિટ કચ્છ (ગુજરાત) ખાતે અને ૬ એમટીપીએ સિમેન્ટ ગ્રાઇન્ડિંગ સુરત (ગુજરાત) યુનિટ ખાતે (આંશિક નિર્મિત) લાઇમસ્ટોન માઇનિંગના હક તથા કચ્છમાં કેપ્ટિવ જેટી (આંશિક નિર્મિત) સાથે (પ્રારંભિક ઉપલબ્ધ માહિતી મુજબ)
૬	છેલ્લા નાણાંકીય વર્ષમાં વેચાયેલ મુખ્ય પ્રોડક્ટ્સ/સર્વિસિસનો જથ્થો અને મૂલ્ય	લાગુ પડતું નથી (કંપની હાલમાં બિનકાર્યરત છે.)
૭	કર્મચારી/કામદારોની સંખ્યા	નથી (આ તારીખે, આ આરપી આ સીડી ૪ વર્ષ કરતા વધુથી બિનકાર્યરત હોવાને ધ્યાનમાં લેતા કોઈપણ સક્રીય કર્મચારી / કામદારો વિશે માહિતી નથી.
૮	બે વર્ષના છેલ્લા ઉપલબ્ધ નાણાકીય અહેવાલો (પરિશિષ્ટ સાથે), ક્રેડિટરોની સૂચિ, કાર્યવાહીની અનુગામી ઘટનાઓની સંબંધિત તારીખો સહિતની વધુ વિગતો અહીં ઉપલબ્ધ	તમામ સંબંધિત દસ્તાવેજો આપેલ ઇ-મેલ આઇડી પર ઇ-મેલ કરીને મેળવી શકાશે vcl.resolution@gmail.com
૯	કાયદાની ૨૫(૨)(એચ) હેઠળ રિઝોલ્યૂશન અરજદારોની લાયકાત વિગતો અહીં ઉપલબ્ધ	તમામ સંબંધિત દસ્તાવેજો આપેલ ઈ-મેલ આઈડી પર ઈ-મેલ કરીને મેળવી શકાશે vcl.resolution@gmail.com
૧૦	અભિરુચિની અભિવ્યક્તિ મેળવવાની અંતિમ તારીખ	૩૦ માર્ચ ૨૦૨૪
૧૧	સંભવિત રિઝોલ્યૂશન અરજદારોની કામચલાઉ યાદી જાહેર કરવાની તારીખ	૦૯ એપ્રિલ ૨૦૨૪
૧૨	કામચલાઉ યાદી અંગે વાંધા જમા કરવાની અંતિમ તારીખ	૧૪ એપ્રિલ ૨૦૨૪
૧૩	સંભવિત રિઝોલ્યુશન અરજદારોની અંતિમ યાદી જાહેર કરવાની તારીખ	૨૪ એપ્રિલ ૨૦૨૪
૧૪	માહિતીનું મેમોરેન્ડમ, મૂલ્યાંકન મેટ્રિક્સ તથા સંભવિત રિઝોલ્યુશન અરજદારોએ રિઝોલ્યુશન પ્લાન્સ માટે અરજ જાહેર કરવાની તારીખ	૨૯ એપ્રિલ ૨૦૨૪
૧૫	રિઝોલ્યુશન પ્લાન્સ જમા કરવાની અંતિમ તારીખ	૨૯ મે ૨૦૨૪
૧૬	ઇઓઆઇ જમા કરવાનું પ્રોસેસ ઈ-મેલ આઈડી	vcl.resolution@gmail.com

* રહેવાની પ્રક્રિયા મુંબઈમાં અન્ય સ્થળ બદલેલ છે

સહી/-
પુલકિત ગુપ્તા
IBBI/IPA-001/IP-P-02364/2021-2022/13697
ઇવાય રિસ્ટ્રક્ચરિંગ એલએલપી, ત્રીજો માળ, વર્લ્ડમાર્ક ૧, આઇજીઆઇ એરપોર્ટ હોસ્પિટાલિટી ડિસ્ટ્રિક્ટ, એરોસિટી, નવી દિલ્હી - ૧૧૦૦૩૭
વદરાજ સિમેન્ટ લિમિટેડ વતી

તારીખ : ૦૯ માર્ચ ૨૦૨૪
સ્થળ : મુંબઈ

જાહેર નોટીસ

રજી. ડી. વડોદરા, સબ - ડી. વડોદરા ના શહેર વડોદરામાં શાસ્ત્રીબાગ પાસે વડોદરા કસ્બાના રેવન્યુ સર્વે નં. ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭ પૈકી, ટી.પી.સ્કીમ નં. ૩, ફાયનલ પ્લોટ નં. ૬૫૪, ૬૫૫, ૬૭૯, ૭૫ તથા ૭૬ વાળી આવેલ તેનું માપ અનુક્રમે ૩૭૧૭ ચો.મી.,૬૦૯૨ ચો.મી.,૫૧૯૬ ચો.મી.,૪૫૯૧ ચો.મી.,તથા ૪૬૫૬ ચો.મી.વાળી જમીનોમાં આવેલ "સ્વામિનારાયણનગર" નામ રાખીને રહેઠાણ હેતુ માટેના પ્લોટ્સ પાડીને બાંધકામનું આયોજન કરેલ છે તે પૈકી ફાયનલ પ્લોટ નં. ૭૬ માં આવેલ પ્લોટ/ડુપ્લેક્ષ નં. સી/૧૧,જેના પ્લોટનું ૧૫૬.૬૪ ચો.મી.તથા કોમન રોડ તથા કોમન પ્લોટનું માપ ૬૦.૧૯ ચો.મી.મળી કુલ માપ ૨૧૬.૮૩ ચો.મી.છે. તેમાં ગ્રાઉન્ડ ફ્લોર તથા ફર્સ્ટ ફ્લોરનું બાંધકામનું માપ ૧૦૨.૮૮ ચો.મી.વાળી મિલકતના માલિકો રાજેશ રામનારાયણ દુબે અને દિલીપ રામનારાયણ દુબે નાઓ સદર મિલકતના સંયુક્ત માલિકી પ્રત્યક્ષ કબજો હોવાનું જણાવી અમારા અસીલો સદર મિલકત વેચાણ રાખવા માંગે છે. તેથી સદર મિલકત અંગેના **ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની અમારી પાસે માંગણી કરેલ છે.** વાસ્તે ટાઈટલ ચકાસણી અર્થે આ મિલકતમાં જે કોઇ ઇસમ, વ્યક્તિ, સોસાયટી, બેન્ક કે સંસ્થાનો કોઇનો લાગ, ભાગ, હક્ક, હીત, સબંધ, બોજો કે જમીનની માલિકી બાબત કે તેના વેચાણ બાબત કોઈ વાંધો, તકરાર હોય તો તેઓએ લેખીત પુરાવાસહ **દિન- ૦૭ માં** અમારા નીચે જણાવેલ સરનામે જાણ કરવી. મુદત વિત્યે કોઇનો વાંધા તકરાર નહીં આવે તો **ટાઈટલ કલીયર સર્ટીફીકેટ આપવામાં આવશે** પછી કોઈની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેવી.તા.૦૯-૦૩-૨૦૨૪.અસીલની સુચના અને ફરમાશથી.

ઓઃ ૨૦૧, સંકલ્પ કોમ્પ્લેક્ષ, મરીમાતાનો ખાંચો,
રાજમહેલ રોડ, વડોદરા. 94267 05511

કે.એ.પટેલ
એડવોકેટ ગુજરાત હાઈકોર્ટ

નર્મદા જળ સંપત્તિ પાણી પરવઠા અને કલ્પસર વિભાગ

ઓન લાઇન ટેન્ડર નોટીસ નં.૧૦ સને ૨૦૨૩-૨૪

કાર્યપાલક ઇજનેરશ્રી, અમદાવાદ સિંચાઇ વિભાગ, બ્લોક ' સી ' નવમોમાળ, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, ડ્રાઇવ-ઇન રોડ અ'વાદ (ફોન નં.૦૭૯ – ૨૯૬૦૯૨૬૬) ધ્વારા **ધ કમાન્ડ એરીયા ઓફ વાસણાબંધ પેટા વિભાગ, અમદાવાદ ફસતકના કામ માટે** માટે નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ અથવા માર્ગ અને મકાન વિભાગમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઇજારદારશ્રીઓ પાસેથી અંદાજીત કિંમત **૬૪.૫૭ લાખના** કુલ ૧ કામ માટે ઓન લાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.

૧. ટેન્ડર ડાઉનલોડ અને ઓનલાઇન સબમિશન કરવાની:
તા.૧૨/૦૩/૨૦૨૪ થી તા.૨૭/૦૩/૨૦૨૪, ૧૮.૦૦ કલાક સુધી
૨. ટેન્ડર ફી, બાનાની રકમ મોકલવાની છેલ્લી :
ટેન્ડર ઓનલાઇન સબમીશન કરવાની છેલ્લી તારીખ પછીના કામકાજના ૭ દિવસ
(ફકત રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી)
૩. ઓન લાઇન ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : તા.૨૮/૦૩/૨૦૨૪, ૧૨.૦૦ કલાકે.

વિગતવાર ટેન્ડર નોટીસ www. statetenders.gujarat.gov.in પર જોઇ શકાશે. તેમજ ઇ ટેન્ડર ડોકયુમેન્ટ ડાઉનલોડ અને અપલોડ માટે www.nprocure.com જોવાના રહેશે. જો કોઇ સુધારા વધારા કરવાની જરૂરીયાત ઉપસ્થિત થશે તો તે માહિતી www.nprocure.com ઉપર જ મુકવામાં આવશે અને તે બધાજ ઇજારદારશ્રીઓને બંધનકર્તા રહેશે.

(ક્રમાંક/સંમાનિ/અમદ/૧૭૮૭/૨૦૨૪)

GUJARAT METRO RAIL CORPORATION (GMRC) LIMITED
(SPV of Govt. of India and Govt. of Gujarat)
Block No.1, First Floor, Karmayogi Bhavan, Sector 10/A,
Gandhinagar: 382010, Gujarat. (CIN): U60200GJ2010SGC059407
આપણી મેટ્રો

TENDER NOTIFICATION NO.: GMRC/Tender Notice/Insurance/2024
Dated : 09 March, 2024

GMRC Limited, a Special Purpose Vehicle of Government of India (GoI) and Government of Gujarat (GoG) formed for the implementation of Metro Rail Project inviting sealed tenders in 3 Packets from Insurance Companies for the **"Inviting for various Insurance Policies for year 2024-25."**

Please visit **www.gujaratmetrorail.com** for eligibility criteria, applying/downloading the tender and for more details. **Last date and time for Bid Submissions is on 21.03.2024 at 18:00 Hrs.**

Any clarification/corrigendum/addendum to the tender documents will be uploaded on GMRC's Website **www.gujaratmetrorail.com** without any obligation or press notification.

Director (Finance)
Gujarat Metro Rail Corporation (GMRC) Limited